હરિ નજર - ખરી નજર

આ વખતે દૂધપાક, ખીરની ખોટી આશા ન રાખશો. અમુલવાળાએ દૂધના બે રૂપિયા વધાર્યા છે એટલે આપણો લાડકો દીકરો વાસ નાખવા આવે એમ લાગતું નથી.

ચૌધરી મહિલા આર્ટસ કોલેજનો કબડ્ડી સ્પર્ધામાં ઉત્કૃષ્ટ દેખાવ

ગુજરાત યુનિ. સાઉથઝોન ઈન્ટરકોલેજમાં ૧ પમી વખત ચેમ્પિયન

ગાંધીનગર, તા. ૨

ગુજરાત યુનિવર્સિટી સાઉથઝોન ઈન્ટરકોલેજ કબડ્ડી (બહેનો)ની સ્પર્ધા તા. ૧૭-૯-૨૦૧૨ના રોજ આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ ગોધરાના યજમાન પદે યોજાઈ. જેમાં જુદી જુદી કોલેજની ૧૨ ટીમોએ ભાગ લીધો હતો. જેમાં શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજ અને આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, કલોલ વચ્ચે ફાઈનગ જંગ ખેલાયો હતો. ખૂબ જ રસાકસી ભરી આ ફાઈનલ મેચ યોજાઈ હતી. જેમાં શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજે ચેમ્પિયનશીપ ટ્રોફી જીતી લીધી હતી. કોલેજે ૧ પમી વખત સાઉથઝોન કબડ્ડી (બહેનો)ની સ્પર્ધામાં ચેમ્પિયન બનીને ચેમ્પિયનશીપ જાળવી રાખીને કોલેજને ગૌરવ અપાવેલ છે.

કોલેજની ટીમમાં કેપ્ટન ચૌધરી લક્ષ્મી જે., વાઈસ કેપ્ટન પંચાલ દક્ષા એમ., ચૌધરી આશા જે., પટેલ પાયલ એ., ચૌધરી કિંજલ એન., ચૌધરી મિત્તલ ડી., ચૌધરી અંકિતા એમ., પટેલ મેઘા બી., શાહ રમીલા બી., ચૌધરી રીપલ જે., ચૌધરી આશા એફ.

આ સમગ્ર ટીમને શ્રી અખિલ આંજણા કેળવણી મંડળના પ્રમુખ શ્રી એમ.કે. ચૌધરી, મહામંત્રી શ્રી ગોવિંદભાઈ કે. ચૌધરી મંડળના સર્વે ટ્રસ્ટીઓ, કોલેજના આચાર્યા ડૉ. ઉર્મિલાબેન સી. ચૌધરી તથા સમગ્ર કોલેજ પરિવારે આ સર્વે ખેલાડી બહેનોને અને તેમને કોચીંગ આપીને તૈયાર કરનાર શારીરિક શિક્ષણના અધ્યાપક વિનોદભાઈ આર. ચૌધરીને ખૂબ ખૂબ અભિનંદન પાઠવેલ છે અને ઉત્તરોત્તર પ્રગતિ કરતા રહે તેવી અભ્યર્થના દાખવેલ છે.

પેટ્રોલનો વિકલ્પ ટોકિયો બતાવે છે

૩૮ વર્ષનો નોરીઓ ગન્જી ટોકિયોમાં રહે છે અને વર્ષે ૧૦૦ કરોડનું ટર્નઓવર કરતી એક પબ્લિશીંગ કંપનીનો ડાયરેકટર છે. નોરીઓ અબજોપતિ છે. ટોકિયોમાં આલિશાન કહી શકાય તેવું ઘર, રાચરચિંલું, નોકર-ચાકર અને ઓફિસ પણ જાપાનીઓની ટેકનિકલ ભાષામાં કહીએ તો એકદમ હાઈટેક છે. નોરીઓના ગેરેજમાં ત્રણ કાર છે. પહેલી ટોયાટોની કિંમત ૭૦ લાખ, બીજી હોન્ડાની કિંમત ૩૦ લાખ અને એક નાની ટુ સીટર મીત્સુબીસી! ઘરેથી ક્યાંય પણ નીકળવું હોય તો નોરીઓ ગન્જી માટે એક સેલ મારવાની જ જરૂર છે. છતાં જાણીને નવાઈ લાગશે કે આટઆટલી સુખસગવડ હોવા છતાં નોરીઓ ઘરેથી બે પૈડાની સાઈકલ લઈને નીકળે છે. પેડલ મારતાં મારતાં ઘરથી દોઢ કિલોમીટર દૂર આવેલા રેલ્વેસ્ટેશન પર પહોંચી જવાનું. ત્યાંના મોટા સાઈકલ સ્ટેન્ડ પર સાઈકલ મુકી દેવાની અને પછી રેલવેમાં બેસીને આગલા સ્ટેશને આવેલા વિસ્તારની ઓફિસે પહોંચી જવાનું. આપણી વ્યાખ્યામાં કરોડપતિ ગણાતા નોરીઓનો છેલ્લા બે વર્ષથી આ રોજિંદો ક્રમ છે. ઘરની વેભવી ગાડીઓ તો ખાસ આઉટિંગના સમયે જ ગેરેજમાંથી નીકળે. બાકી નોરીઓ સાહેબ સીટી વગાડતા વગાડતા સાઈકલ પર જ ફરે. પૂછો કેમ?

નોરીઓ કહે છે કે સાઈકલ ચલાવવાના ત્રણ મુખ્ય ફાયદા છે. એક તો આપણી શારીરિક તંદુરસ્તી તાજીમાજી રહે છે. બીજું, પેટ્રોલની બચત અને સમયની બચત થાય છે. ત્રીજું ટોકિયોનું વાતાવરણ પોલ્યુશન ફ્રી બને છે, જેના કારણે મારા છોકરાઓનું આયુષ્ય વધે છે. અમેરિકાએ ઈરાક પર હુમલાના મુખ્ય કારણોમાંનું એક તેલના કુવાઓ છે એમાં હવે કોઈને શંકા રહી નથી. સાઉદી અરેબિયા આજે પણ તેના કુલ ઉત્પાદનનું ૨૫ ટકા ઓઈલ અમેરિકાને સપ્લાય કરે છે. આ ઓઈલ મળતું બંધ થઈ જાય તો અમેરિકાની લાખો ગાડીઓનાં પૈડાં અટકી જાય.

આવી જ હાલત જાપાનની છે. જાપાનમાં આજે દર બે માણસે એક કાર છે. જાપાનના પોલિટિક્સમાં પણ ઓટામોબાઈલ લાંબીનું જબરદસ્ત વર્ચસ્વ છે. ઈરાકના યુદ્ધ પછી જાપાનના ગેસ-ઓઈલ સ્ટેશનો પર લાંબી કતારના ફોટા છપાય હતા. અમેરિકા જેટલી જ પેટ્રોલ-ડીઝલ કે ગેસની આજે જાપાનને જરૂર ચે. ગલ્ફના તેલના કૂવાઓ જે દિવસે ભડકે બળશે તે દિવસે અડધા જાપનની કારનાં ચક્રો અટકી પડશે.

અને એટલે જ ભવિષ્યની આવનારી મુસીબતો નિવારવા આજે ટોકિયો તેની સાઈકલની ચેઈન વધુ ટાઈટ કરી રહ્યું છે. દુનિયામાં આજે સાઈકલનું શહેર ચીનનું બેજિંગ ગણાય છે. એમ તો આપણા રસ્તાઓ પર પણ લગભગ ૩૦ કરોડ જેટલી બાઈસિકલ દોડે છે. પરંતુ આજે આપણે આ લેખ દ્વારા ટોકિયોની સાઈકલ ક્રાંતિની વાત કરવી છે. ટોકિયોના કરોડપતિઓ આજે શરમને નેવે મૂકીને શહેરને ખરાબ પર્યાવરણથી બચાવવા સાઈકલ પર ટાંટિયા ઘસડી રહ્યા છે. ટોકિયોની ૭૦ લાખ કરતાં પણ વધુ વસ્તીમાં આજે ૩૦-૪૦ લાખ જેટલી બે પૈડાની સાઈકલ દોડે છે. ટોકિયોના પર્યાવરણવિદો આ નવી ક્રાંતિને બાઈકોલૉજી કહે છે. ટોકિયોને હવે ઘણા લોકો ઈકો સાઈકલ સિટી પણ કહે છે. આગળ વાત કરી તે નોરીઓ ગન્જી જેવો જ એક બીજો કરોડપતિ હીચી કોન્ડો પણ ઘરે ગિયરલેસ ગાડીઓ હોવા છતાં સાઈકલ પર ટેસથી સૂટબૂટ પહેરીને ફરે છે. દુનિયાના પર્યાવરણ મેગેજિનોમાં હીચી કોન્ડોના ફોટા છપાય છે. સાઈકલ ફેરવવા માટે હીચી જરા પણ નાનમ નથી અનુભવતો. કુલ ૩૦૦ કરોડની સંપતિ ધરાવતો હીચી કહે છે કે ટોકિયોને પોલ્યુશન ફ્રી કરવું હશે તો મારા જેવા બીજા લાખો લોકોએ સાઈકલ ચલાવવી જ પડશે.

ટોકિયોમાં પણ મુંબઈની જેમ નાનામોટા ૨૩ જેટાલ રેલવેનાં સબસ્ટેશન આવેલાં છે. રોજની ૪૦૦ જેટલી મેટ્રો ટ્રેનોની આવનજાવન થાય. મોટા ભાગના લોકો ઘરેથી ઓફિસ જવા માટે ટ્રેનનો ઉપયોગ કરે. ઘરેથી સ્ટેશન જવા માટે બે કિલોમીટરથી લઈને પાંચેક કિલોમીટરનું અંતર કાપવું પડે. ટોકિયોના મોટાભાગના રેલવે સ્ટેશન પર એકસાથે ૩૦૦-૪૦૦ જેટલી સાઈકલો રહી શકે તેવા સ્ટેન્ડ મૂકેલાં છે. આવા સ્ટેન્ડ પર સાઈકલ ભાડે મળે છે. આપણા અમદાવાદ કે રાજકોટમાં કલાકના રૂપિયો-બે રૂપિયા લઈને સાઈકલ ભાડે આપવાનું ભલે બંધ થઈ ગયું હોય, પરંતુ ટોકિયોના રેલ્વેસ્ટેશન પર આજે પણ થોડા યાન ખર્ચાતાં ભાડે સાઈકલ મળી જાય. ઘરથી રેલવેસ્ટેશન સુધી તમે જો કારમાં જાવ તો મરી ગયા સમજજો. ટ્રાફિક એટલો જબરજસ્ત હોય કે બે કિલોમીટરનું અંતર કાપતાં સહેજે ૩૫-૪૦ મિનિટ થઈ જાય. સાઈકલ પર આટલું અંતર ૧૫-૨૦ મિનિટમાં કપાય. ટોકિયોના રસ્તા પર કાર ત્રણ કિ.મી. ચાલે તો વાતાવરણમાં ૧૪૭ ગ્રામ કાર્બન ડાયોકસાઈડ ફેંકે છે. જેના કારણે સતત ચાર મિનિટ સુધી ફેફસામાં બળતરા થઈ શકે. જાપાનીઓ આ ગણિતને સારી રીતે સમજે છે. કદાચ એટલે જ આવનાર પેઢીનો વિચાર કરીને તેઓ સાઈકલ ચલાવવામાં સહેજ પણ શરમાતા નથી.

જાપાનની સરકાર પણ આવા સાઈકલવીરોને પ્રોત્સાહન આપવા માટે કોઈ કસર નથી બાકી મૂકતી. હજુ થોડા સમય પૂર્વે જ ટોકિયોની એક સરકારી ઓફિસોમાં ૪૦ જેટલી સાઈકલો સરકાર દ્વારા વર્હેતવામાં આવી છે. જાપાનમાં લગભગ દર દોઢ માણસે એક સાઈકલ છે. ટોકિયોમાં તમે સાઈકલ ખરીદવા જાવ એટલે દુકાનદાર તમને એક કપ ગ્રીન ટી અને ચોકલેટનું પૂડિંગ મફત ખવડાવે. જાપનમાં સાઈકલનું રજિસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે. ટોકિયોની લગભગ ૮૦૦ જેટલી બાઈસિકલ શોપના માલિકો આવા રજિસ્ટ્રેશન ફોર્મ તૈયાર રાખે છે. ૨૫ વર્ષ પહેલાં ટોકિયોમાં ૧૦ લાખ સાઈકલ હતી. આજે આંકડો ત્રણ ગણો થઈ ગયો છે. ટોકિયોમાં એત આઠ માળનું સાઈકલ બુટિક પણ છે. ટોકિયોની મોટાભાગની હાઉસવાઈફ પાસે કમ સે કમ એક સાઈકલ તો હોય છે. ગુજરાતની છોકરી ટીનએજ થાય એટલે કાઈનેટીક કે સ્કૂટી માગે, પરંતુ ટોકિયોની છોકરી જુવાનીમાં પગ મુકે એટલે પોતાના પોકેટમનીમાંથી નવી સાઈકલ ખરીદે. ઘરનો નાનો નાનો માલસામાન સ્ત્રીઓ સાઈકલની આગળની બાસ્કેટમાં મૂકી લાવે. જાપાનનો કુલ બાસ્કેટ બિઝનેશ ૫૦૦૦ કરોડ રૂપિયાનો છે. ગૃહિણીઓ કાગળના ફુલોથી તેમની બાસ્કેટ સજાવે અને હરીફાઈમાં ભાગ લે. સાઈકલની સર્વશ્રેષ્ઠ બાસ્કેટ બાસ્કેટ-ગૃહિણીનું ઈનામ મળે. એ બહેનના ફોટા યુદ્ધના સમયે પણ અખબારોના પ્રથમ પાને છપાય.

સૌજન્ય : શશાંક ત્રિવેદી (જાકલ્યાણ)

કડી બીએડ કૉલેજ ખાતે ૭મીએ કાવ્યપઠન અને કાવ્યરચના શિબિર

ગાંધીનગર, તા. ૨

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંચાલિત ફૅકલ્ટી ઑફ ઍજ્યુકેશન દ્વારા આગામી તારીખ ૭ ઑક્ટોબરના રોજ 'કાવ્યપઠન અને કાવ્યરચના શિબિર'નું આયોજન કરવામાં આવ્યું છે.

કડી કેમ્પસ, સૅક્ટર-૨૩ ખાતે કાર્યરત બીએડ કૉલેજની સૅન્ટ્રલ લાયબ્રેરી ખાતે સવારે ૮.૩૦થી ૫.૩૦ દરમ્યાન આયોજિત આ કાર્યશિબિરમાં કડી સર્વ વિશ્વવિદ્યાલય સંચાલિત તમામ ફૅકલ્ટીઝના વિદ્યાર્થીઓને આમંત્રણ આપવામાં આવ્યું છે. વિભાગદીઠ બે વિદ્યાર્થીઓ આ શિબિરમાં ભાગ લઈ રહ્યા છે. ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપવામાં આવશે, એવું આયોજક સંસ્થા દ્વારા જાહેર કરવામાં આવ્યું છે.

રાજભવન ખાતે ગાંધી જયંતિ નિમિત્તે સર્વધર્મ પ્રાર્થનાસભાનું આયોજન કરવામાં આવ્યું હતું, જે પૂર્વે રાજ્યપાલ દ્વારા ગાંધીજીની પ્રતિમા સમક્ષ શ્રદ્ધાંજલી અર્પણ કરી હતી. ગાંધીજીના આદર્શોને જીવનમાં આત્મસાત્ કરવાની પ્રેરણા મેળવી દેશ અને સમાજની ઉન્નતિમાં યોગદાન આપવાની શીખ તેમણે આપી હતી. (તસવીર : દિપક જાની)

સી એમ પટેલ નર્સીંગ કૉલેજ દ્વારા પાંચમીએ તણાવમુક્તિ કાર્યશિબિર

ગાંધીનગર, તા. ૨

શહેરમાં કાર્યરત સી એમ પટેલ કોલેજ ઓફ નર્સીંગ દ્વારા આગામી તા. ૫ ઑક્ટોબરના રોજ તનાવ મુક્તિ કાર્યશિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.

આજની તનાવભરી જિંદગી જીવતા લોકો અને ખાસ કરીને યુવા વર્ગને આ કાર્યશિબિર દ્વારા જીવનમાં હળવાશ લાવી સ્વસ્થ જીવન દર્શન કરાવવાનો આ કાર્યશિબિરનો મુખ્ય ઉદ્દેશ છે.

કૉલેજના કૉન્ફરન્સ હૉલ ખાતે શુક્રવારે સવારે ૮ કલાકે આયોજિત આ કાર્યશિબિરના ઉદ્‌ઘાટન સમારોહમાં ગાંધીનગર મેડિકલ કૉલેજના ડીન ડૉ. અરૂણ વ્યાસ, સર્વવિદ્યાલય કેળવણી મંડળના પ્રમુખ ડૉ. રામભાઈ એમ. પટેલ તથા સંવેદના ફાઉન્ડેશન, યુએસએના ટ્રસ્ટી ભાઈલાલભાઈ પટેલ ઉપસ્થિત રહેશે. સાંજે પાંચ કલાકે આયોજિત સમાપન સમારોહમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેન વલ્લભભાઈ એમ પટેલ તથા કડી સર્વ વિશ્વવિદ્યાલયના કુલપતિ ડી ટી કાપડિયા ઉપસ્થિત રહેશે. આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે ગાંધીનગર સમાચારના મેનેજિંગ તંત્રી કૃષ્ણકાન્ત જ્હા તથા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના પૂર્વ નાયબ નિયામક ડૉ. વિનુભાઈ પટેલ ઉપસ્થિત રહેશે.

ગાંધી વિચારધારાને વરેલી ત્રણ પ્રતિભાઓને ગાંધી મિત્ર પુરસ્કાર

ગાંધીનગર, તા. ૨

ગુજરાતના રાજ્યપાલ ડૉ. શ્રીમતી કમલાજીએ ગાંધી વિચારધારાના સંવર્ધન અને તેને જીવનમાં આત્મસાત્ કરવા યુવાનોને અનુરોધ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે આપણા યુવાનો ગ્રામીણ ક્ષેત્રોના ઉત્થાન અંગે વિચારી તે કાર્યમાં જોડાઈ જાય તો વાસ્તવમાં ગાંધીજીની કલ્પનાના ભારતનું નિર્માણ આપણે કરી શકીશું.

રાજ્યપાલશ્રી ગઈકાલે અમદાવાદમાં વિચાર ટ્રસ્ટ અને સંપદા સંસ્થા, રાજકોટના સંયુક્ત ઉપક્રમે 'ગાંધી મિત્ર પુરસ્કાર' તથા ગાંધીજીના જીવન પર આધારિત વિવિધ કૃતિઓના પ્રદર્શનના ઉદ્‌ઘાટન સમારોહમાં ઉદ્‌બોધન કરી રહ્યા હતા.

રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, ગાંધીજીએ કહ્યું હતું કે પછાત તેમજ છેવાડાના માનવીઓના વિશે પહેલા વિચાર કરવાની જરૂરીયાત છે. આ માનવીઓ સુધી વિકાસના લાભો પહોંચવા જોઈએ. મહાત્મા ગાંધીજીએ ગ્રામ સ્વરાજની સુંદર કલ્પના કરી હતી. આપણી જવાબદારી છે કે આપણે ગાંધીજીના સ્વપ્નાઓને સાકાર કરીએ. વિશેષ કરીને યુવાપેઢીએ આ દાયિત્વ નિભાવવા માટે આગળ આવવું જોઈએ.

રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, આજે જે ત્રણ કર્મશીલો- બનાસકાંઠા જિલ્લાના વિરમગામના શ્રીમતી શિલ્પાબેન વૈષ્ણવ, ચોટીલાના શ્રી સામતભાઈ ઝડા, દેવગઢ બારિયાના શ્રીમતી કાશીબહેન કનાસીયાનું 'ગાંધી મિત્ર પુરસ્કાર' પ્રદાન કરી સન્માન કરવામાં આવ્યું છે. તે સરાહનીય છે. પુરસ્કારો પ્રાપ્ત કરનાર ત્રણે પ્રતિભાઓ સમાજના ઉત્થાન માટે જે સેવા કાર્યો સમર્પિત ભાવનાથી કર્યા છે તે સમાજની મોટી સેવા છે. આ બન્ને સંસ્થાઓના આવા પ્રોત્સાહિત કદમ સમાજમાં પ્રેરણાની જ્યોતિ પ્રગટાવશે. ખેત વિકાસ પરિષદના કાર્યકારી અધ્યક્ષ શ્રી ઈન્દુકુમાર જાનીએ 'ગાંધી મિત્ર પુરસ્કાર'થી ગાંધી વિચાર ધારાને વરેલા યુવાનોને સન્માનવાની પરંપરા પ્રસ્થાપિત કરવામાં આવી છે જે અનુકરણીય છે. આવા પ્રયાસોથી યુવા પેઢીને જરૂરી પ્રેરણા મળશે.

પ્રારંભમાં વિચાર ટ્રસ્ટ અધ્યક્ષ શ્રી સુરેન્દ્રભાઈ પટેલે સ્વાગત પ્રવચનમાં તેમની સંસ્થા દ્વારા પ્રતિ વર્ષે ગાંધી જયંતિ નિમિત્તે ગાંધીજીના વિચારોના પ્રચાર-પ્રસારના પ્રયાસરૂપે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે, તેની રૂપરેખા આપી હતી.

આ પ્રસંગે ગાંધીજી જીવન પર આધારિત વિવિધ કૃતિઓ ના યોજાયેલા પ્રદર્શનનું પણ રાજ્યપાલશ્રીએ ઉદ્‌ઘાટન કર્યું હતું.

ગુજરાત ટાઈમ્સના રેસિડેન્ટ ઓડિટર શ્રી રમેશભાઈ તન્નાએ આભારવિધિ કરી હતી.

મહાદેવ દેસાઈ ગ્રામસેવા મહાવિદ્યાલયે અનોખી રીતે ગાંધી જયંતિ ઉજવી

ગાંધીનગર, તા. ૨

મહાદેવ દેસાઈ ગ્રામસેવા મહાવિદ્યાલય, સાદરા દ્વરા છેલ્લા ૬ વર્ષથી ગાંધીજયંતિની જવણી અનોખી રીતે કરવામાં આવે છે. પદયાત્રાના આયોજન દ્વારા આ જવણી કરવામાં આવે છે. મહાદેવ દેસાઈ ગ્રામસેવા મહાવિદ્યાલયની ૧૭ ટુકડી-એક અધ્યાપક અને ૧૦ વિદ્યાર્થીઓ પાલનપુર તાલુકાના ચાર-ચાર ગામોની મુલાકાત લઈને ગાંધી વિચારના -ચાર--સારનું કાર્ય કર્યું હતું. દરેક ગામની -થમિક શાળા દ્વારા ગામડામાં રેલી, પોષ્ટર -દર્શન અને શેરી નાટકો દ્વારા સાક્ષરતા, વ્યસનમુક્તિ, સ્વચ્છતા, અંધશ્રધ્ધા નિવારણ વગેરે વિષયોની રજૂઆત કરી હતી. જે તે ટુકડીએ ગામના સરપંચ તથા આગેવાનોની મુલાકાત લઈ ગામને જાણવાનો, સમજવાનો -યાસ કર્યો હતો. એક ગામથી બીજે ગામ પદયાત્રા કરીને જે તે વિસ્તારની ભૂગોળ, -કૃતિનો પરિચય પણ મેળવ્યો હતો.

મહાવિદ્યાલય દ્વારા આ અગાઉ સાણંદ, ઉમરેઠ, તલોદ, લખતર, દહેગામ તાલુકામાં સફળતાપૂર્વક પદયાત્રાનું આયોજન થયું હતું. મહાવિદ્યાલયમાં અખંડ કાંતણનું આયોજન થયું હતું. સંયોજક ડૉ. કનૈયાલાલ નાયકે પદયાત્રાની સફળતા બદલ અધ્યાપકો તથા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા. આમ, વિશ્વ અહિંસા દિવસ ગાંધી જયંતિની જવણી મહાવિદ્યાલયે ગાંધી ચીધ્યા માર્ગે કરી હતી.

લિપ્સી મેડલ મેળવતી જ કઈ અને પપ્પાની છાતી ગજ ગજ ફુલવા લાગી

દીકરીને મળતો પ્રત્યેક મેડલ જાણે કેતનકુમારને મળ્યો હોય એવો ગર્વ તેમને થવા લાગ્યો, દિકરી જાણે પપ્પા-મમ્મીની જિંદગીનો આધાર બની

સંબંધ સજાવે જિંદગી

દીકરી વ્હાલનો દરિયો

- પોપટલાલ એસ પ્રજાપતિ

આજથી ૧૪ વર્ષ પહેલાં કેતનકુમાર અને ભગીરથના દામ્પત્યજીવનનો પ્રારંભ થયો, સુખી દાંપત્યજીવનના ફળ સ્વરૂપે ઘરમાં દીકરીનું આગમન થયું. અને બંનેની ખુશીનો પાર ન રહ્યો. માતા કૈલાસબાને સૌથી વધુ આનંદ થયો. ઘરમાં લક્ષ્મી આવી અને એ લક્ષ્મીના વધામણાં કરી તેનું નામ પાડ્યું લિપ્સી. દીકરીને ખૂબ લાડકોડથી ઉછેરવાના સંકલ્પ સાથે કેતન-ભાગીરથીના દાંપત્યજીવનનો નવો અધ્યાય શરૂ થયો. તેમનું તો બાળપણ પુરું થયું પણ એક નવા બાળપણનું ઘડતર કરવાનું હતું. માનો કે તેમનાં અધુરાં અરમાનો દીકરીના માધ્યમથી પૂર્ણ કરવાનાં હતાં. ભાગીરથી મનોવિજ્ઞાનના પ્રોફેસર હતાં એટલે એમના જ્ઞાનનો સંપૂર્ણ ઉપયોગ દીકરીના ઘડતરમાં થયો અને દીકરીમાં બાળપણથી જ સમજણ તથા જવાબદારીના ભારોભાર દર્શન થવા માંડ્યા. લિપ્સીની જ્ઞાનયાત્રાનો પ્રારંભ સૅક્ટર-૨૫ હિલવૂડ સ્કૂલમાંથી થયો. સમયનું ચક્ર ફરતું ગયું અને દીકરી અભ્યાસની સાથે ઈતર પ્રવૃત્તિ તથા સ્પોર્ટ્સમાં પણ દબદબો જાળવતી ગઈ. મેડલ મળતા ગયા અને પપ્પાની છાતી ગજગજ ફુલવા લાગી. દીકરીને મળતો પ્રત્યેક મેડલ જાણે કેતનકુમારને મળ્યો હોય એવો ગર્વ તેમને થવા લાગ્યો. લિપ્સી જાણે પપ્પા-મમ્મીની જિંદગીનો આધાર બનતી ગઈ. પપ્પા કોઈ વાર ઑફિસથી મોડા આવે તો ખલાસ... લિપ્સીનો મૂડ આઉટ થઈ જાય. પપ્પાનો આવતાવેંત ઉધડો લઈ નાખે..... પપ્પા આટલું બધું મોડું કરવાનું? ફોન તો કરવો જોઈએ ને? ઓફિસમાં એવું તે શું કામ હોય?... આટલું કહેતાં કહેતાં દીકરી રડવા માંડે. ત્યારે કઠણ કાળજાના કેતનકુમાર નર્વસ થઈ જાય અને દીકરીને પ્રોમીસ આપવું પડે દીકુ, હવે મોડો નહીં આવું બસ? કેતનકુમારનો સ્વભાવ થોડો કડક ખરો, પણ દીકરી આગળ નરમઘેંસ થઈ જાય. દીકરીની કોઈ વાત ટાળવાની તેમની હિંમત જ ના ચાલે. અને લિપ્સીની શૈક્ષણિક કારકિર્દી એવી ઉજ્જવળ કે જે ક્ષેત્રમાં તે હાથ અજમાવે ત્યાં મેડલ લઈને આવે. કરાટેમાં આંતરરાષ્ટ્રીય લેવલે ૧ ગોલ્ડ મેડલ, રાજ્યકક્ષાએ ૩ ગોલ્ડ મેડલ, ૧ સિલ્વર અને ૧ બ્રોન્ઝ મેડલ તથા જિલ્લા કક્ષાએ ૧ ગોલ્ડ, ૩ સિલ્વર, ૧ બ્રોન્ઝ મેડલ મેળવ્યા છે. ટેનીસમાં પણ ભારત સરકાર દ્વારા આયોજિત નેશનલ સોફ્ટ ટેનીસમાં સિલ્વર મેડલ મેળવેલ છે. ટ્રેકીંગમાં પણ યુથ હોસ્ટેલના કેમ્પમાં હિમાચલ પ્રદેશ, ડાંગ, ધોળાવીરામાં ભાગ લઈ પદકો મેળવ્યા છે. નવરાત્રીમાં ગરબા ગાવાનો તો લિપ્સીને ગજબનો શોખ. કલ્ચરલ ગ્રુપ, સહિયર ગ્રુપ તથા ઈન્ફોસિટીમાં આયોજિત ગરબામાં તે નંબર મેળવવા જ રમતી હોય તેમ મન મૂકીને ગરબે ઘૂમે છે. અને મમ્મી તેને નીત નવા ડ્રેસ લાવી તેના શોખ પુરા કરે છે. ભરતનાટ્યમ્ તથા ચિત્ર સ્પર્ધાઓમાં પણ તેણે અનેક પ્રમાણપત્રો મેળવ્યાં છે. યુનિવર્સિટી ઓફ ન્યુ સાઉથ દ્વારા આયોજિત વિજ્ઞાન તથા ઈંગ્લિશની પરીક્ષામાં તેણે આંતરરાષ્ટ્રીય કક્ષાએ ભાગ લીધો છે. આ બધી પ્રવૃત્તિઓની સાથે હીલવૂડ્સ સ્કૂલમાંથી બેસ્ટ સ્ટુડન્ટનો એવોર્ડ પણ મેળવેલ છે. લિપ્સીમાં ઉંમરના પ્રમાણમાં સમજદારી પણ ગજબની છે. તેને પૂછ્યું કે મમ્મી-પપ્પા ક્યારેય ઝઘડે ખરા? તો તેણે ખૂબ ઠાવકાઈથી જવાબ આપ્યો, 'મમ્મી-પપ્પા ઝઘડે તો કદી નહીં પણ કોઈ વાતમાં વાદ-વિવાદ કરે ખરા. પણ ત્યારે હું બંનેની વાત ચૂપચાપ સાંભળ્યા કરું. એક શબ્દ પણ બોલું નહીં. પરિસ્થિતિ શાંત પડે પછી હું જજની ભૂમિકા નિભાવી લઉં. પપ્પા તમારી આ વાત ખોટી હતી કે મમ્મી તમારે આ વાત કહેવાની જરૂર નહોતી. પપ્પાનો મૂડ જોઈને કહેવું હતું ને ?...' મમ્મી મનોવિજ્ઞાનના પ્રોફેસર હોવાથી દીકરીની આ સમજદારી પર ગૌરવ લે. દીકરી કોની? ખરેખર દીકરીની આવો સર્વોન્મુખી પ્રતિભા જોઈ કયા મા-બાપને ગર્વ ન થાય? અને માટેજ દરેક વેકેશનમાં લિપ્સીને ફરવા લઈ જવાનો પપ્પા-મમ્મીનો કાર્યક્રમ નક્કી જ હોય. અંદામાન-નિકોબાર, કુલુ મનાલી (ચાર વખત), જમ્મુ-કાશ્મીર, સાપુતારા અને માઉન્ટ આબુ તો ખરા જ. ભાગીરથીબેન કહે છે મારે કોઈ બાબતમાં તેને એક વાર ટકોર કરવી પડે. પછી તે બાબતનું ક્યારેય પુનરાવર્તન ન થાય. લિપ્સીનો મમ્મી સાથે ફ્રેન્ડ જેવો નાતો છે. સ્કૂલમાં બનતી પ્રત્યેક વાત મમ્મી સાથે અવશ્ય કરે. લિપ્સી આખરે તો એક દીકરી છે. તેના ઘડતર માટે તો થઈને પણ તેના ઉછેરમાં ક્યાંય ક્યાશ ન રહે તેનો મનોવૈજ્ઞાનિક રીતે ખ્યાલ રાખે છે. પપ્પા-મમ્મીની લાડકી દીકરી લિપ્સી સાચે જ વ્હાલનો દરિયો છે.